# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ શ્રાવણ પૂર્ણિમા ❖ 13 ઓગસ્ટ 2011 ❖ વર્ષ – 12 ❖ અંક – 05 ❖ સળંગ અંક - 137


## ધમ્મવાણી

परे च न विजानन्ति, मयमेत्थ यमामसे,
ये च तत्थ विजानन्ति, ततो सम्पन्ति मेघगा ।।
धम्मपद ६, यमक वग्गो

અનાડી લોકો નથી જાણતા કે આપણે અહીંથી (આ સંસારમાંથી) જવાના છીએ. જેઓ આ જાણી લે છે, તેમના ઝઘડા શાંત થઈ જાય છે.

## સાંપ્રદાયિક સૌહાર્દ

(પૂજ્ય ગુરુદેવ શ્રી સત્યનારાયણ ગોયન્કાના સાર્વજનિક પ્રવચનોમાંથી)

**શાંતિપ્રેમી સજ્જનો, સન્નારીઓ!**

અમન – ચેન ચાહનારા સજ્જનો, સન્નારીઓ!

આવો આપણે શાંતિ વિષે વાત કરીએ. અમન–ચેનની વાત કરીએ, ધર્મની વાત કરીએ. ધર્મમાં તો શાંતિ જ છે. અમન–ચેન જ છે. સંસારમાં કેટલી ધાર્મિક પરંપરાઓ છે, કેટલા સંપ્રદાયો છે, કેટલી મજહબી જમાતો છે. બધામાં પરસ્પર પ્યાર હોવો જોઈએ. મહોબ્બત હોવી જોઈએ એમાં જ બધાંની ભલાઈ છે. બધાનું કલ્યાણ છે. પણ પ્યાર–મહોબ્બત કેવી રીતે હોય ? બધી પરંપરાઓમાં કેટલીક વાતો એવી હોય છે, જે બધાંને માન્ય હોય છે. જેને બધાં માને છે. પરંતુ કેટલીક વાતો એવી હોય છે, જેને બધાં નથી માનતા. જે – જે વાતોને બધાં માનતા હોય તેને જ પ્રકાશિત કરવી જોઈએ. તેની જ ચર્ચા કરવી જોઈએ. જ્યાં સર્વસંમતિ નથી, એકમત નથી, તે વાતોને આપણે દૂર રાખીએ, અલગ રાખીએ – એની ચર્ચા કરવાથી આપણને શું મળશે ? જે વાતોમાં કોઈ મતભેદ નથી, તેની ચર્ચા કરશું તો પ્યાર વધશે, મહોબ્બત વધશે, મૈત્રી વધશે.

ભગવાન બુદ્ધ પાસે ક્યારેક કોઈ વ્યક્તિ કોઈ વાતને લઈને વાદ–વિવાદ કરવા માટે આવી જતી તો તેઓ સસ્મિત કહેતા – અરે ભાઈ, જેમાં આપણે એકમત છીએ, ચાલો ને તેની ચર્ચા કરીએ. જે વાતોમાં આપણે એકમત નથી, તેને એક બાજુ રાખીએ. બસ આ જ સમજદારી છે. આ જ પ્યાર વધારવાનો રસ્તો છે. દુનિયાનો કોઈ પણ સંપ્રદાય એવો નથી, કોઈ ધર્મ એવો નથી, કોઈ ધાર્મિક પરંપરા એવી નથી. જેમાં સારી વાતો ન હોય. સારી વાતો બધી જગ્યાએ છે. એટલા માટે જે સારી વાતો છે, તેને જ આપણે મહત્ત્વ આપીએ. સારી વાતોમાં મતભેદ નથી હોતો, નેકી પણ છે અને બદી પણ છે. જે–જે નેકીની વાતો છે, એને જ ઉજાગર કરીએ.

આપણે બગીચામાં જઈએ, ત્યાં ફૂલોના અનેક છોડ હોય છે. અને દરેક છોડમાં ફૂલો ખીલ્યાં હોય છે. કોઈ આ રંગનાં, કોઈ પેલા રંગનાં. બધાં ખૂબસૂરત હોય છે, બધામાં બહુ જ સરસ સુગંધ હોય છે. આપણે ફૂલોનો સ્વીકાર કરીએ. આ છોડનું ફૂલ છે કે તે છોડનું ફૂલ એવો કોઈ ભેદભાવ નથી. ફૂલ તો ફૂલ છે પણ એ ખ્યાલ રાખીએ કે આપણે ફૂલનો જ સ્વીકાર કરશું. એ જ ડાળી પર ફૂલની સાથોસાથ કાંટા પણ ઊગ્યા હશે. પણ આપણે આખી ડાળીને નથી સ્વીકારતા. આપણે તો એના પર ઊગેલા ફૂલને સ્વીકારીએ છીએ પછી એ ફૂલ આ છોડનું હોય કે પેલા છોડનું, તેની સાથે આપણને કશી લેવા–દેવા નથી. ફૂલ ફૂલ છે, બધાંને પ્રિય હોય. કોઈની સાથે સંબંધ સુધારવો હોય તો આપણે ફૂલોનો એક સુંદર ગુચ્છો ભેટ આપીએ છીએ, કાંટાળી ડાળી નહીં. કદિ કોઈ કાંટાળી ડાળી ભેટ નથી આપતું, નહિ તો પ્યાર શી રીતે થાય? ફૂલ ભેટમાં આપવું છે અને ફૂલ બધી જગ્યાએ છે. આવો, ફૂલ જ જોઈએ. કાંટાને એક બાજુ રાખીએ ત્યારે જોઈશું કે કેટલો પ્યાર, કેટલી મહોબ્બત, કેટલી મૈત્રી, કેટલી સદ્ભાવના આપોઆપ જાગશે, જાગશે જ.

**સમ્રાટ અશોકની સમજદારી :**

ભારતમાં ભગવાન બુદ્ધ પછી લગભગ બસો વર્ષ બાદ એક મહાન સમ્રાટ થયો, અશોક થોડા સમય સુધી ખોટા રસ્તા પર રહ્યો. પછી તે હોશમાં આવ્યો. ભગવાન બુદ્ધની શિક્ષા સમજમાં આવી અને એ રસ્તા પર ચાલવા લાગ્યો તો તે સંપૂર્ણપણે બદલી ગયો. હવે તે ઈચ્છવા લાગ્યો કે મારી પ્રજામાં ખૂબ સુખ–શાંતિ હોય, આપસમાં ખૂબ પ્યાર હોય. તેના માટે તેણે ઠેરઠેર શિલાલેખ લખાવ્યા. તે પોતાની પ્રજાને સમજાવે છે કે અરે ભાઈ, કદિ બીજા સંપ્રદાયની નિંદા ન કરવી. બધા સંપ્રદાયોમાં જે સારી વાતો છે, તેને પ્રકાશિત કરો કેટલી સમજદારીની વાત કરી ! ભારતમાં તે સમયે પણ અનેક સંપ્રદાય હતા, જેવી રીતે આજે છે.

જે–જે વાતોને બધાં માને છે, બધાં સ્વીકારે છે, તે જ સાચો ધર્મ છે. ધર્મની વાતો બધાં સ્વીકારશે. ધર્મના નામે જ્યારે અધર્મ થાય છે તેને કોણ સ્વીકારશે? તો ધર્મની વાતોને સ્વીકારીએ, તેની જ ચર્ચા કરીએ. જ્યાં સર્વસંમતિ છે, તેના પર ચર્ચા થાય. અરે, જ્યાં સંમતિ નથી, આપસમાં મતભેદ છે, તેને એક બાજુ રાખીએ. તેની ચર્ચા કરશું તો ઝઘડો થશે, મારામારી થશે, વિવાદ થશે, લડાઈઓ થશે, ખૂનખરાબા થશે, એટલે એક બાજુ રાખીએ.

સમ્રાટ અશોકે પણ એ જ કહ્યું કે બીજા કોઈ સંપ્રદાયની કોઈ પણ વાતની નિંદા ન કરો. જે માણસ પોતાના સંપ્રદાયની પ્રશંસા કરે છે અને બીજા સંપ્રદાયની નિંદા કરે છે, તે પોતાના સંપ્રદાયની કબર ખોદે છે. પોતાના સંપ્રદાયનો નાશ કરે છે. આ કેટલી સમજદારીની વાત છે ! અરે જ્યાં–જ્યાં સારી વાતો હોય, તે સારી વાતોનો સ્વીકાર કરીએ, ભલે ગમે ત્યાં હોય.

એટલે તો બે મુસ્લિમ ભાઈ જ્યારે સામસામા મળે છે તો એક કહે છે – अस्सलाम वाअलयकु म । એટલે કે આપનું મંગલ હો. આપની સલામતી હો. આપની હિફાજત હો ! બદલામાં બીજો કહે છે, वाअलयकु म अस्सलाम । આપનું પણ મંગલ થાઓ, આપ પણ સલામત રહો, આપની પણ હિફાજત હો. જે સલામતી બક્ષે છે તેને જ મુસલમાન કહેવાય છે. જે સલામતી ન બક્ષે તે મુસલમાન ક્યાંથી થયો? બધાંને સલામત રાખે, પોતાની જાતને અને બીજાને પણ. તો ખરા અર્થમાં મુસલમાન ગણાય, મુકમ્મલ(સંપૂર્ણ) ઈમાન હોય તો મુસલમાન છે, મુસલ્લમ (અખંડ) ઈમાન હોય તો મુસલમાન છે. પોતાના નામનું ગૌરવ જાળવી રાખે, ખૂબ હિફાજત થાય, ખૂબ સુરક્ષા ! પોતાની પણ સુરક્ષા થાય, બીજાંની પણ સુરક્ષા થાય, તો ખરા અર્થમાં મુસલમાન થયા.

અરે, બધા સંપ્રદાયોમાં આવી વાત છે ને? ગમે ત્યાં જુઓ, મળશે તો આપસમાં મંગલભાવના રાખતા જોવા મળશે. ભગવાન બુદ્ધની પરંપરામાં કહે છે, भवतु सब्ब मंगलं બધાંનું મંગલ હો! सब्बे सत्ता सुखी होन्तु –બધાં પ્રાણી સુખી થાઓ! सर्वे भवन्तु सुखिन: । અર્થાત્ એમ જ કહેવાય છે કે બધાં સુખી થાઓ ! એકબીજાની નિંદા કરીશું તો સુખી કેવી રીતે થઈશું? ઝઘડા–મારામારી કરશું તો સુખી કેવી રીતે થઈશું? એટલા માટે અમન ચેનનો રસ્તો એ છે કે બધાં માટે મંગલ કામના કરીએ, બધાંના ભલાની વાત કરીએ.

**જહો-જિહાદ (ધર્મયુદ્ધ) :-**

પયગમ્બર સાહેબે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કદિ કોઈ બેકસૂર વ્યક્તિની હત્યા ન કરશો, કોઈ મહિલાની હત્યા ન કરશો, કોઈ બાળકની હત્યા ન કરશો, કોઇ બીજા ધર્મના પુરોહિતની, પૂજારીની, સંતની હત્યા ન કરશો. કોઇ મજૂરની હત્યા ન કરશો, કોઈ ઝાડ–છોડને નુકશાન ન પહોંચાડશો. ''હત્યા ના કરશો'' અહિંસા શીખવે છે. જેહાદની વાત છે. જેહાદ શું છે? 'जद्दो–जिहाद' સંગ્રામ કરવાનો હોય છે, પરિશ્રમ કરવાનો હોય છે. પરાક્રમ કરવાનું હોય છે. કોની સાથે સંગ્રામ કરવાનો હોય છે? આપણી અંદર જે ખોટ છે, આપણી અંદર જે મેલ છે, તે મેલને દૂર કરવાનો સંગ્રામ ખેલવાનો હોય છે. આ ધર્મયુદ્ધ જીવનભર ચાલે છે, આખા જીવનનું કામ છે. આ મેલને નહિ કાઢીએ તો નથી તો આપણે સુખી થતાં કે નથી બીજાંને સુખી થવા દેતાં. આપણે પણ દુઃખી રહીશું અને બીજાને પણ દુઃખી બનાવીશું. આ જહો–જિહાદ એ જીવનભરનું કામ છે. આ જ વાત આપણા બીજા એક સંતે કહી છે. संत संग्राम है, रात – दिन जूझना – જે સંત છે તેણે આખું જીવન સંગ્રામ કરવો પડે છે. કયો સંગ્રામ કરવો પડે છે? કઇ જહો–જિહાદ કરવી પડે છે ? પોતાના ભીતરની ખોટને દૂર કરવાનો સંગ્રામ. જ્યાં સુધી ભીતર મેલ હોય – ક્રોધ, દ્વેષ, દુર્ભાવના, દુશ્મની હોય, પ્યાર ન હોય, મહોબ્બત ન હોય–ત્યાં સુધી સ્વયં પણ દુઃખી હોય તથા બીજાંને પણ દુઃખી બનાવતો હોય. એ માણસમાં ધર્મનું નામનિશાન નથી હોતું. એ માણસમાં સંપ્રદાયનું નામનિશાન નથી હોતું. સાચા રસ્તા પર નથી ચાલી રહ્યો હોતો. અવળા રસ્તે હોય છે. આ રીતે કોઈ ખોટા રસ્તા પર ન ચાલતાં સાચા રસ્તે ચાલીએ. સચ્ચાઈને હંમેશાં ધ્યાનમાં રાખીએ સચ્ચાઈ જ ધર્મ છે.

મુસ્લિમ ભાઈ જ્યારે કોઈ કામ શરૂ કરે છે. જેમ કે ભોજન શરૂ કરે છે તો કહે છે बिसमिल्लाह हिर्रहमा–निर्रहीम । શું અલરહમાન ? શું અલરહીમ ? પરમાત્મા કરુણાસભર છે, દયાસભર છે. એમને યાદ કરીએ છીએ. ભગવાન બુદ્ધ કરુણાસભર છે. તેમને યાદ કરીએ, 'महाकारुणिकोनाथो' – તો મતભેદ નહિ થાય. કરુણા તો બધાં માટે સારી છે. આપણે સ્વયં આપણી ભીતર કરુણા જગાવીએ, આપણી ભીતર મૈત્રી જગાવીએ, સદ્ભાવના જગાવીએ. અરે તો મંગલ જ મંગલ થશે ને. આપણું જ મંગલ થશે, બીજાનું પણ મંગલ થશે. જ્યારે જ્યારે કોઈ માણસ પોતાની ભીતર દ્વેષ જગાવે છે, ક્રોધ જગાવે છે, દુર્ભાવના જગાવે છે, શત્રુતા જગાવે છે. દુશ્મની જગાવે છે ત્યારે શું થાય છે ? ભીતર જ બળવા લાગે છે, ભીતર જ બેચેન થવા લાગે છે, વ્યાકુળ થવા લાગે છે. ક્રોધ તો કરે છે કોઈ બીજાંને વ્યાકુળ કરવા માટે. પરંતુ બીજા તો પછી વ્યાકુળ થાય છે. પહેલાં તો પોતે જ વ્યાકુળ થવા લાગે છે.

ઈસ્લામના છ સ્તંભ છે. એમાંનો એક સ્તંભ છે. પોતાની જાતને જાણો. વિપશ્યનાની બે શિબિર કચ્છની એક મસ્જિદમાં થયેલી. તેમાં કેટલાક આલિમ ફાજિલ મુસ્લિમ મૌલવીઓ પણ બેઠેલા. તેઓ બહુ ખુશ થયા. શિબિર પૂરી થઈ તો આવીને અમને કહે છે કે અમારી પરંપરામાં કેટલાક એવા કલામ છે કે જેનો અર્થ અમે અત્યાર સુધી જાણી શક્યા ન હતા. 'मन अरफानान्सोहु, सरफारब्बोहु' એક તો એ કે તમે પોતાની જાતને જાણો જે પોતાની જાતને જાણી લે છે, પોતાની જાતને જોઈ લે છે, પોતાના શ્વાસ (નફસ) અને પોતાના શરીરને જોઈ લે છે તે રબને જોઈ લે છે, પરમાત્માને જોઈ લે છે, ઈશ્વરને જોઇ લે છે, ખુદાને જોઈ લે છે, અલ્લાહતાલાને જાઈ લે છે. અત્યાર સુધી સમજ્યા ન હતા કે શ્વાસને જોવાથી અલ્લાહને કઈ રીતે જોઈ શકાય ? હવે પોતાની જાતને જોઈ ત્યારે સમજાયું. સચ્ચાઈ જોવા લાગ્યા તો બીજાનું બુરું નથી કરી શકતાં, કેમ કે સમજવા લાગ્યા કે બીજાનું બુરું કરતાં પહેલાં માણસ પોતાનું જ બુરું કરી લે છે. ઈન્સાન પોતાની જાતને દુઃખી બનાવે છે. પરંતુ જાણી જોઈને કોણ દુઃખી થવા માગશે ?

मुस्लिम कहलाए मगर, भूल गया इस्लाम ।

नहीं समर्पण शांति है, केवल थोथा नाम ।

ઈસ્લામ શબ્દોનો અર્થ જ 'શાંતિ' 'સમપર્ણ' છે પોતાની જાતને મુસ્લિમ ગણાવે અને જો શાંતિનું નામનિશાન નહિ. જીવનમાં અશાંતિ જ અશાંતિ, સમપર્ણ નહિ. જીવનમાં અહંકાર જ અહંકાર, તો આ શબ્દનો સાચો પ્રયોગ ન થયો. સાચો પ્રયોગ કરવા માટે શબ્દનો સાચો અર્થ સમજીએ, તેના ગુણધર્મને સમજીએ અને તેને આપણા જીવનમાં ધારણ કરીએ તો જ તે શબ્દનું ગૌરવ છે.

પોતાની જાતને ઓળખી લેશે તો સંત બની જશે તેથી કહ્યું

सोई दरवेस दास निज पायो,

એટલે કે તે જ સાચો સાધુ છે, સંત છે, જેણે સ્વયં પોતાનું દર્શન કરી લીધું હોય. જે પોતાની જાતને જાણી લે છે, તે રબને એટલે કે ઈશ્વરને જાણી લે છે.

પંજાબના એક મુસ્લિમ સંત આ જ ભાવને વ્યક્ત કરે છે. અરે, સંત તો સંત હોય છે. હિંદુ શું કે મુસ્લિમ શું, શીખ શું કે ખ્રિસ્તી શું, જેણે મનને શાંત કરી લીધું, નિર્મળ કરી લીધું, તે સંત બની ગયા. પંજાબના એ મુસ્લિમ સંત કહે છે.

'हाशमतिण्हा रब्ब पछाता, जिण्हा अपना आप पछाता'

જેણે પોતાની જાતને ઓળખી લીધી, પોતાના રબને ઓળખી લીધો, પરમાત્માને ઓળખી લીધો, તેણે ખુદને ઓળખી લીધો, અરે, બધી પરંપરાઓમાં આ જ વાત છે.

**મંગલ મિત્ર,**

**સત્યનારાયણ ગોયન્કા**

## ધમ્મકોટ કેન્દ્ર પર નવા બાંધકામ માટે આર્થિક જરૂરિયાત

ધમ્મકોટ કેન્દ્ર પર દિનપ્રતિદિન સાધકોની વધતી જતી સંખ્યાને પહોંચી વળવા તાત્કાલિક ધોરણે ૪૦ નવા સિંગલ રૂમ બાંધવાની તાતી જરૂરિયાત છે. રૂમ દીઠ અંદાજિત ખર્ચ રૂ. ૯૦ હજાર લેખે કુલ રૂ. ૩૬ લાખનો ખર્ચ થવા ગણતરી છે.

સાધકો તરફથી દાનની પૂર્તિ થયે બાંધકામ હાથ ધરાશે.

દાનની પુણ્યપારમીના પુણ્યાર્જનનો લાભ ઉઠાવવા ઈચ્છુક સાધક ધમ્મકોટ કેન્દ્ર/સિટિ ઓફિસનો સંપર્ક કરી શકે છે.

## આપ વિપશ્યના પત્રિકા ઈ-મેલ દ્વારા મેળવવા ઈચ્છો છો?

આપ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી વિપશ્યના પત્રિકા ઇ-મેલ દ્વારા વિના મૂલ્યે મેળવવા ઈચ્છતા હો તો આપને મેલ આઈડી નીચે લખેલ મેલ આઈડી પર મોકલશો.

patrikadhammakot@gmail.com

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર- ''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| **સતિપઠ્ઠાન શિબિરો** | | | |
| | 12-11-11 to 20-11-11 | | 17-09-11 to 25-09-11 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| | | | 14-12-11 to 25-12-11 |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસ) 18-09-11 to 09-10-11<br>(૩૦ દિવસ) 08-09-11 to 09-10-11 | (૩૦ દિવસ) 24-11-11 to 25-12-11<br>(૪૫ દિવસ) 24-11-11 to 09-01-12 | | |

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર- ''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૯૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 |
| **૨૦૧૧ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | |
| 26-08-11 to 06-09-11 | 24-08-11 to 04-09-11 | 31-08-11 to 11-09-11 | 31-08-11 to 11-09-11 |
| 09-10-11 to 20-10-11 | 05-09-11 to 16-09-11 | 14-09-11 to 25-09-11 | 08-10-11 to 19-10-11 |
| 21-10-11 to 01-11-11 | 17-09-11 to 28-09-11 | 08-10-11 to 19-10-11 | 16-11-11 to 27-11-11 |
| 02-11-11 to 13-11-11 | 04-10-11 to 15-10-11 | 23-10-11 to 03-11-11 | 30-11-11 to 11-12-11 |
| 16-11-11 to 27-11-11 | 16-10-11 to 27-10-11 | 09-11-11 to 20-11-11 | |
| 14-12-11 to 25-12-11 | 29-10-11 to 09-11-11 | 23-11-11 to 04-12-11 | |
| 28-12-11 to 08-01-12 | 10-11-11 to 21-11-11 | 14-12-11 to 25-12-11 | |

| **એક દિવસીય શિબિર જૂના સાધકો માટે** | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |
| **: મોગર :** 'ધમ્મભવન' ૫-કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧ | | | **: ધર્મજ :** હેમંતભાઈ પટેલ (૦૨૬૯૨) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ |
| 01-10-11 to 12-10-11<br>31-10-11 to 11-11-11<br>07-12-11 to 18-12-11 | | | 06-09-11 to 17-09-11<br>31-10-11 to 11-11-11 |

## દસ દિવસીય શિબિર રદ થયેલ છે.
## ધમ્મકોટ પર - તા. ૦૮-૦૯ થી ૧૯-૦૯-૧૧

### દોહા ધરમના

ધર્મ ન હિન્દુ બૌદ્ધ હૈ, ધર્મ ન મુસ્લિમ જૈન ।
ધર્મ ચિત્ત કી શુદ્ધતા, ધર્મ શાંતિ સુખ ચૈન ॥
યહી ધર્મ કી પરખ હૈ, યહી ધર્મ કા માપ ।
જન જન કા મંગલ કરે, દૂર કરે સંતાપ ॥
હિન્દુ મુસ્લિમ બૌદ્ધ હો, જૈન ઇસાઈ હોય ।
રોગમુક્ત જો ભી હુઆ, વીતરાગ હૈ સોય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

### દોહા ધરમના

સમ્પ્રદાય ના ધર્મ હૈ, ન બને દિવાર ।
ધર્મ સિખાએ એકતા, ધર્મ સિખાએ પ્યાર ॥
બઢા ધર્મ કે નામ પર, સંપ્રદાય પુરજોર ।
જન જન મન વ્યાકુલ હુઆ, દુખ છાયા સબ ઓર ॥
સંપ્રદાય કા મદ બઢે, ધર્મ તિરોહિત હોય ।
અપના ભી અનહિત કરે, જન જન અનહિત હોય ॥

**ભરત ડાયમંડ**
સરસ્વતી વાત્સલ્ય, માધ્યમિક શાળા,
સુરતની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 13 ઓગસ્ટ 2011** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org